Greenlawns High School

Gujarati Language II Worksheet Marks: 80

For the Terminal Examination Year 2026-27

STD 5-A B C Date:-

## વિભાગ – અ

પ્રશ્ન 1-)નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (8 Marks)

1) મે લીધેલી જંગલ સફારીની મુલાકાત 2)૧૫ ઓગસ્ટ 3)મારી પ્રિય રમત

પ્રશ્ન-2) નીચે આપેલા મુદ્દાને આધારે તમારા શબ્દોમાં વાર્તા તૈયાર કરો. (6Marks)

સિંહ નું ઝાડ નીચે સૂવું – ઉંદરનું સિંહ પર રમવું – સિંહનું ઉંદરને પકડવું – ઉંદરની માફી માંગવી – સિંહનું જાળમાં ફસાવું – ઉંદરનું જાળ કાપવું – સિંહ આઝાદ – મિત્રતા - વાર્તા ને યોગ્ય શીર્ષક આપો.

(5Marks)

પ્રશ્ન ૩. ગધ્યખંડ વાંચી સવાલના જવાબ લખો.

વૃક્ષો આપણાં સાચા મિત્ર છે. તેઓ આપણને શ્વાસ લેવા માટે ઓક્સિજન આપે છે. વૃક્ષો ફળ,ફૂલ, લાકડું અને ઔષધિઓ પણ આપે છે. ઉનાળામાં વૃક્ષોની છાયામાં બેસવાથી ઠંડક મળે છે. પક્ષીઓ વૃક્ષો પર માળા બનાવે છે. અમુક પ્રાણીઓ પણ વૃક્ષો પર રહે છે.

એટલાં માટે જ કહેવાયું છે કે વૃક્ષો તો ધરતીના પરોપકારી સંતો છે. જો ધરતી પર એક પણ વૃક્ષ ન રહે તો સજીવ સૃષ્ટિ ખોરવાય જાય. વૃક્ષો વિના આપની પૃથ્વીની કલ્પના પણ શક્ય નથી. આપણ ને જીવવા માટે પાણીની જરૂર પડે છે. પાણી વરસદમાંથી આવે છે. જો વૃક્ષો ન હોય તો આપણ ને પાણી મળી શકે નહીં કારણ કે વૃક્ષો જ આ ધરતી પર વરસાદ લાવવામાં મદદ કરે છે.

જો આપણે વધુ વૃક્ષો વાવીએ તો પર્યાવરણ સ્વસ્છ રહેશે અને વરસાદ પણ સારો પડશે. તેથી દરેક વ્યક્તિએ વૃક્ષો વાવીને તેમની સંભાળ રાખવી જોઈએ.

૧) વૃક્ષો આપણને શું આપે છે?

૨) ઉનાળામાં વૃક્ષોથી શું લાભ થાય છે?

3) પક્ષીઓ ક્યાં માળા બનાવે છે?

૪)પર્યાવરણ સ્વચ્છ રાખવા માટે આપણે શું કરવું જોઈએ?

૫) આ ગધ્યખંડનો મુખ્ય સંદેશ(શીખ) શું છે?

પ્રશ્ન 4- નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર સૂચના પ્રમાણે લખો (4Marks)

પ્રશ્ન4 -A )રૂઢિપ્રયોગ નો અર્થ લખી વાક્યો બનાવો

1) ખાવાનાં સાસાં પાડવા (2) ઝપાઝપી થવી

પ્રશ્ન 4-B )નીચે આપેલા વાક્યોમાં સંજ્ઞા(નામ) ઓળખી પ્રકાર લખો. (3Marks)

1)સૈનિકોની ટુકડી આગળ વધી.

2)રવિ દરરોજ છાપું વાંચે છે.

3)છોકરો લંગડી માં રમે છે.

પ્રશ્ન 4-C )નીચે આપેલા શબ્દના અર્થ લખો. (3Marks)

1) પંખી 2) ભરથાર 3) ફિકર

પ્રશ્ન 4-D) નીચે આપેલા શબ્દોના વિરોધી લખો (3Marks)

1) હાજર (2) નભ 3) અજવાળું

પ્રશ્ન 4-E) નીચે આપેલા શબ્દોની લિંગ(જાતિ) બદલો (2Marks)

1) રાજા 2) નાના 3) દાદા 4)કાગડો

પ્રશ્ન4-F)નીચે શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (2Marks)

1) ખૂબ ઊંચેથી પડતો પાણીનો પ્રવાહ

2)જરૂર કરતાં વધારે વરસાદ પડે તે.

પ્રશ્ન4-g)નીચે શબ્દભેદ ઓળખી લખો. (2Marks)

1)સૂર = 2)પાણિ =

પ્રશ્ન4-h)નીચે વાક્યમાં સર્વનામ ઓળખો. (2Marks)

1) ઓ, કનુ પેલી પેટીમાંથી મારી હથોડી લાવ.

2) પોતાના અક્ષર પોતે જ વાંચી શકતાં નથી.

## વિભાગ – બ

પ્રશ્ન1) નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (4Marks)

ડુંગર ખોળે ગાતાંઝરણા,-----------------------------;

અમે લઈએ તારું નામ,પ્રભુજી

પ્રશ્ન2) નીચે આપેલા શબ્દોની ભૂલ સુધારી ફરી લખો (4Marks)

1) પ્રયત્ન 2) પુરસકાર 3)ઝૂપડપટી 4)અમૂલય

પ્રશ્ન3) નીચેનાં વાક્યો કોણ બોલે છે? કોને કહે છે? ક્યારે? (3Marks)

1) આપના દરબારમાં છે કોઈ વિદ્વાન?

2) તેને એક ગાડીએ ટક્કર મારી હતી?

3) પણ રાજાને ખુશ કરવા કેવી રીતે?

પ્રશ્ન-4) નીચે આપેલા પ્રશ્નોના એક શબ્દો માં જવાબ લખો. (6Marks)

1)સરદાર પટેલનું બાળપણ કયાં વીત્યું?

2) સોમાભાઇ સ્લોક કેમ ભૂલી ગયા?

3) પંખીઓ કેવાં ગીત ગાય છે?

4) બીજા દિવસે સજ્જને કોને જોયો?

5) આકાશમાં શું શોભે છે?

6) ચોરોએ છેવટે શું કર્યું?

પ્રશ્ન6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યોમાં જવાબ આપો? (6Marks)

1) પ્રભુજી કોટિ કોટિ પ્રણામ આ કવિતાનો મુખ્ય ભાવ શું છે?

2) બાળકનાં હૈયામાં કેટલી હામ રમે છે?

3) વેલીને હોસ્પિટલમાંથી ક્યાં લઈ ગયા?

4) સોમાભાઇ રાજા પાસે શા માટે જાય છે?

5) સરદાર વલ્લભભાઇએ ભારતને કેવો રાખ્યો?

6) આપણે ઈશ્વરને શા માટે પ્રણામ કરીએ છીએ?

પ્રશ્ન7) નીચે આપેલા પ્રશ્નોના 2 કે 3 વાક્યો માં જવાબ આપો? (3Marks)

1) સોમાભાઈએ નવો શ્લોક કેવી રીતે બનાવ્યો? ને તે કયો હતો?

2) નેદિલ બાળકો આ પાઠમાથી આપણને શું શીખવા મળે છે? (3Marks)

પ્રશ્ન8) કારણ લખો?

1)વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ શા માટે આપવામાં આવ્યું? (2Marks)

2)રાજાએ શ્લોકનો જવાબ પછીથી આપવા કહ્યું ? (1Marks)

3)વેલી અને શેલી કોણ હતા અને શા માટે ગુજરાન જાતે ચલાવતા હતા કારણ આપો? (2Marks)

પ્રશ્ન9)નીચે આપેલા સવાલના વિસ્તારથી જવાબ લખો (3Marks)

1)સજ્જને બાળકોની મદદ કઈ રીતે કરી? વિસ્તાર થી લખો?

2) "નભ ધરામાં જયાં જુઓ ત્યાં દિસે તારું ધામ" પંકિતનો અર્થ સમજાવો? અને આપણે ઈશ્વરનો આભાર શા માટે માનવો જોઈએ? (3Marks)